सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ ફેબ્રુઆરી -૨૦૦૭ અંક - ૪

## વાલીઓને....

બાળકને બને ત્યાં સુધી પોતાની જાતે જ પોતાનું કામ કરવા દો. કામ કરતા કરતા જ તે ઘણું બધું શીખે છે. તેને મદદ કરવા જતા આપણે તેને અનાયાસે પાંગળું કરી દઈએ છીએ.

આ અંગે મેં અગાઉ કોશેટામાંથી બહાર આવતા પતંગિયાનો દાખલો આપ્યો હતો.

સાચી સ્વાધીનતા પોતાનું કામ જાતે જ કરી લેવાની પ્રવૃત્તિમાંથી આવે છે. આપણે જ્યારે નોકરો રાખીએ છીએ ત્યારે ખરેખર તો આપણે તેના ગુલામ બનતા જઈએ છીએ. શ્રી રવિશંકર મહારાજ એક ઠેકાણે બળાપો કાઢતા કહે છે કે "શરીરને કેળવવા માટે હાથ ઉંચા નીચા કરવાનું શાળામાં કરાવવામાં આવે પરંતુ ઉત્પાદક શ્રમ કરવાનું ન શીખવે. ભણેલો છોકરો ઘેર લોટો ય ન ઉપાડે, પાણી પણ નોકર લાવી આપે. આવી પરાધીન બનાવનારી કેળવણીને કેળવણી શી રીતે કહી શકાય ?" ખૂબ મથામણ કરીને ગણિતનો દાખલો બાળક જ્યારે કરે છે ત્યારે તે સાચું ગણિત કરતો હોય છે. જો તેને મદદ કર્યા જ કરવાની થાય તો તે પાંગળો જ બનતો જશે. અનાયાસે આપણે બાળકોને આવા પાંગળા બનાવતા જઈએ છીએ. તે અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ.

સંસ્થા જે પ્રવાસોનું આયોજન કરે છે તેમાં બાળકોને પોતાની મુશ્કેલી પાર પાડવાની એક તક આપે છે.મને આનંદ છે કે ઘણા ખરા વાલીઓ આ હકીકત લક્ષમાં લઈને જ બાળકને પ્રવાસમાં મોકલતા હોય છે.

આજે જાતે કામ કરવું તેમાં એક જાતની જાણે કે શરમ હોય તેવું લાગે છે. ખરેખર તો જે માણસ પોતાનું કામ જાતે કરી લેતો હોય છે તે ખરેખર સ્વતંત્ર ગણાય.

આજની કેળવણી પરતંત્ર બનાવવા માટે ઠીકઠીક જવાબદાર છે. કારણકે બાળકને સ્વાધ્યાય કરવાની તે પૂરી તક આપતી નથી. આ અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ.

દિનુભાઈ દવે
ના વંદન

અમદાવાદના ભૂતપૂર્વ મેયર અને સંસ્થાના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ ગાંધીની સાથે મારે યુરોપના પ્રવાસે જવાનું થયું હતું. જ્યારે જ્યારે હું એમની બેગ ઉપાડવા માટે આગ્રહ કરું ત્યારે હંમેશા તેઓ મને ના પાડતા અને પોતાની જાતે જ પોતાની બેગ ઉપાડવાનો આગ્રહ રાખતા એટલું જ નહિ પણ જ્યારે જ્યારે સમય અને અનુકૂળતા હોય ત્યારે પ્રવાસ દરમ્યાન પોતાના કપડાં પણ જાતે જ ધોઈ લેતાં.

શ્રી ગાંધી સાહેબ અમારી સાથે શાળાના પ્રવાસમાં જેસલમેર આવવા માટે જોડાયેલા. એક સ્થળે બસનું પૈડું રેતીમાં ખૂંચી જવાથી અમે સૌ ઉતરીને ધક્કો મારતા હતા ત્યારે ગાંધી સાહેબ પણ તેમાં જોડાઈ ગયા. તેઓએ કહ્યું કે આણંદજી કલ્યાણજી પેઢી અંગે અમારે ગમે ત્યાં જવાનું હોય ત્યારે સૌ ટ્રસ્ટીઓએ પોતાની બેગ જાતે જ લેવાની. કસ્તુરભાઈ પણ પોતાની બેગ જાતે જ લેતા.

દિનુભાઈ દવે

## સ્મૃતિચિત્ર

### નેપાળ

પહેલી વખત ૧૯૬૭માં નેપાળ જવાનું થયું. તે સમયે નેપાળ આજના જેટલું વિકસ્યું ન હતું. નેપાળ જવા માટે રકસોલ સ્ટેશન સુધી રેલ્વેમાં જવું પડતું અને ત્યાંથી બસમાં ખટમંડુ ખાસ્સા ૧૨-૧૪ કલાકના બસનાં રૂટ દ્વારા જવાનું થતું.

રકસોલ સ્ટેશન ઉપર પ્લેટફોર્મ પર જ બસ આવી જાય તેવી સુવિધા હતી એટલે સામાન સીધો ડબ્બામાંથી મૂકી શકાય તેવી સુવિધાયુક્ત આ સ્ટેશન બનાવવામાં આવ્યું હતું.

અમારી ગણતરી હતી કે સવારે વહેલાં પહોંચતા હોઈ તાત્કાલિક બસમાં નીકળી જઈએ કે જેથી નેપાળ ૧૨-૧૪ કલાકમાં પહોંચી જવાય પણ જેવી ટ્રેન પ્લેટફોર્મ પર આવી ત્યારે ખબર પડી કે ઘોડાગાડીવાળાનાં વિરોધને કારણે તેઓ બસ રકસોલ પ્લેટફોર્મ પર આવવા દેતાં ન હતાં. એક દોઢ માઈલ દૂર બસ સ્ટેન્ડ હતું ત્યાં બધો સામાન પહોંચાડવા માટે ઘોડાગાડી કરવી પડે.જો આમ કરીએ તો ખૂબ સમય જાય ને આખો કાર્યક્રમ બગડે.

મેં ઘોડાગાડીવાળાને પૂછયું, આ સામાન લઈ જવા કેટલી ઘોડાગાડી જોઈએ ? તેમણે ૧૫-૧૬ ઘોડાગાડી જોઈએ તેમ કહ્યું. એટલે મેં એમને કહ્યું કે ૧૫-૧૬ ઘોડાગાડીના પૈસા હું તમને ચૂકવી દઉં પણ બસને સ્ટેશન ઉપર આવવા દો. તેઓ એકના બે ન થયા. તેમણે કહ્યું હતું કે જો આજે બસ આવવા દઈએ તો એક શિરસ્તો પડે તેની સામે એમને વાંધો હતો.

વિદ્યાર્થી આ બધું જોતાં હતા. થોડા અકળાયા એટલે શ્યામ જેવા કેટલાક વિદ્યાર્થીઓએ તો હઠ લીધી કે ઘોડાગાડી તો કરવી જ નથી ને સામાન અમે બસસ્ટેન્ડ પર પહોંચાડી દઈશું. તે લોકોએ નક્કી કર્યા મુજબ થોડા થોડા અંતરે આઠ દસ વિદ્યાર્થી ગોઠવાઈ ગયા અને બેગો એકબીજાને પસાર કરવા લાગ્યા. બે પાંચ બેગો પહોંચી હશે ત્યાં કેટલાક ઘોડાગાડીવાળા મારી પાસે આવ્યા અને કહ્યું કે બસને અમે પ્લેટફોર્મ પર આવવા દઈશું. મેં અગાઉ જણાવ્યું હતું તેમ ઘોડાગાડીના પૈસા પણ લેવાનો તેઓએ ઈન્કાર કર્યો. અને લાગણીપૂર્વક બોલ્યા, 'સાહેબ અમારા બાળકો જો બહારગામ ગયા હોય અને આવી રીતે મુશ્કેલી પડે એ વિચાર આવતા અમે બસને પ્લેટફોર્મ ઉપર આવવા દેવાનું નક્કી કર્યું છે. અમે આનંદથી આગ્રહ કરીએ છીએ કે બસને પ્લેટફોર્મ પર લાવો.' મેં તેમને પૈસા લેવા ખૂબ આગ્રહ કર્યો પણ તેમણે ન લીધા તે ન જ લીધા. એક લાગણીશીલ વાતાવરણ ઉભું થઈ ગયું. મને તેઓએ જણાવ્યું કે નેપાળથી બસ પાછી આવે ત્યારે પણ સીધી પ્લેટફોર્મ ઉપર લાવજો. બસ આવી, સામાન ભરાયો, મારા મનમાં બસ ઉપડી ત્યારે એક જ વિચાર આવ્યો કે 'Child is the conqueror'(વિજય બાળકનો થાય છે.)

દિનુભાઈ દવે

## 'એક હાથે તે કંઈ તાળી પડે !'

'બેન ! મારે મમ્મીને ફોન કરવો છે. મેં ટેબલ ડેકોરેશન સ્પર્ધામાં ભાગ લીધો છે. મેં મમ્મીને કહ્યું 'મમ્મી મને પ્લેટો, વાડકા, ચમચીઓ, નેપકીનો બધું આપ, લઈ જવાનું છે. તો કહે, 'ગાંડી થઈ ગઈ છે ? આવી સરસ પ્લેટો, વાડકા અને બધું તે કંઈ સ્કુલમાં લઈ જવાતું હશે ? બગડી ન જાય ? બહાર પડયાં છે તે લઈ જા..' બેન ! પછી મને સ્પર્ધામાં ઈનામ કયાંથી મળે ?' ને એમ કહેતાં કહેતામાં તો આંશિની રડી પડી. કારણકે સ્પર્ધામાં ભાગ લઈ રહેલી બીજી કેટલીક છોકરીઓની મમ્મીઓએ ઉત્સાહપૂર્વક સરસ વસ્તુઓ ઘરમાંથી કાઢીને આપી હતી. એક તો આંતરગૃહ સ્પર્ધામાં ભાગ લેવા મળે એ જ મોટી વાત, કારણ લગભગ સાડા પાંચસો વિદ્યાર્થીઓમાંથી બાર જ વિદ્યાર્થી પસંદ કરવાના હોય તેમાં પસંદ થવું એ જ કેટલી મોટી વાત હોય છે ! એ પસંદગી પામ્યા પછી માબાપ તરફથી પ્રોત્સાહન અને સાથ કે સહકાર ન મળે તો બાળકનો આત્મવિશ્વાસ ડગી ન જાય ! એને એની મા માટે કેટલી બધી અકળામણ થાય ! 'બીજાની મમ્મી બધું આપે છે ને મારી મમ્મી મને કેમ બધું ન આપે !' દરેક માબાપને તેના બાળકને ઈનામ મળે તેવી પ્રબળ ઈચ્છા હોય છે. પરીક્ષામાં વધુ માર્કસ્, ઈનામો, આ બધાં માટે તો આજની મા જાણે આકાશપાતાળ એક કરે છે પણ એને માટે યોગ્ય સમયે જે માવજત આપવી પડે, જે સમય આપવો પડે, સાથ આપવો પડે, સહકાર આપવો પડે તેમાં આવી ઉદાસીનતા જોઉં છું ને ત્યારે મને પેલા બાળક પ્રત્યે કરુણા ઉપજે છે, આમાં એ નિર્દોષ બાળકનો શો દોષ ? અરે ! ટેબલ ડેકોરેશનમાં ભાગ લેનાર બાળકને તેની મમ્મીએ સરસ ક્રોકરી અને બધું જ વ્હાલથી આપ્યું હોય પણ ટેબલ પર એ બધું વ્યવસ્થિત ગોઠવવાની સૂઝ અને દ્રષ્ટિ પણ આપવી પડે ને ! પ્લેટની ઠેકાણે પ્લેટ ને બાઉલ્સની ઠેકાણે બાઉલ્સ, પાણીના ગ્લાસ ડાબી બાજુ જ હોય, જમણા હાથે જમનાર ડાબા હાથે જ પાણી પીએ, 'અતિથિ દેવો ભવ' ની આપણા ભારતની ભવ્ય ભાવના જેમાં વ્યક્ત થતી હોય તેવી ગોઠવણી જાણે જોતાં વેંત જ હૃદયને સ્પર્શી જાય, તેવી કેળવણી, સમજ આ ઉંમરથી બાળકને મળે એ માટે તો આવી સ્પર્ધાઓ યોજાય છે.

ગણપતિ સ્પર્ધા યોજાય ત્યારે ગણપતિ શું સૂચવે છે એ પણ સમજાવવું જોઈએ. ગણપતિ જનસમાજનાં નેતૃત્વનું પ્રતિક છે.મોટી સૂંઢ,પરિસ્થિતિનો અંદાજ મેળવી લેવાની શક્તિ, પ્રતિષ્ઠાનું પ્રતીક, મોટું પેટ, સૌની વાતો હૃદયમાં સમાવી લેવાની વૃત્તિ, મોટા કાન, જે કોઈ, જે કંઈ કહે તે શાંતિથી સાંભળવાની ક્ષમતા કેળવવાની શીખ આપે છે. ઝીણી આંખ, દરેક કામ કરતાં ઝીણવટભરી નજર કેળવે તો જ કામમાં સફળતા મળે. ભારતીય સંસ્કૃતિના આપણા પ્રતિકો કેવા ભવ્ય છે ! 'ગાગરમાં સાગરની' જેમ એ આપણને ભવ્ય સંદેશો આપે છે, આપણે આવી સ્પર્ધાઓમાંથી બાળકોના જીવનનું આ ઘડતર કરવાનું છે. પછી તે નવરાત્રીમાં આરતી સ્પર્ધા હોય, પંચાજીરી સ્પર્ધા હોય, તોરણ સ્પર્ધા હોય કે પારણા સ્પર્ધા હોય. અભ્યાસક્રમ મુજબ વિદ્યાર્થી શાળામાં અધ્યયન તો કરે જ છે, પરીક્ષામાં સરસ માર્કસ્ પણ લઈ આવે છે. પણ તે તો જીવનનું માત્ર એક પાસું છે. માત્ર ભણતર, ઘડતર વીના માત્ર ભણતરથી નહીં ચાલે. ઘડતર માટે માબાપે શાળાની સાથે સાથે આવા ઉજવાતા ઉત્સવો વખતે સાથે રહીને ઉત્સાહપૂર્વક પલોટાવું પડશે. બાળકો માટે એ વખતે ઉદાસીનતા દાખવીશું તો બાળકોનું ઘડતર નહીં થાય... ભારતનો આટલો ભવ્ય સાંસ્કૃતિક વારસો ! શું આપણે જ એને ગૌરવભેર પેઢી દર પેઢી વારસામાં નહીં આપીએ ! આ માટે પાંડુરંગ આઠવલેનું પુસ્તક 'સંસ્કૃતિપૂજન' દરેક માબાપે અવશ્ય વાંચવા જેવું છે.

અરે! ગળથૂથીમાંથી જેને ગરબો મળે છે એવી ગુજરાતણને ગુજરાતી ઓઢણી અને ચણીયાચોળીની ખબર ન પડે ! - ગરબામાં માંડ માંડ પસંદગી પામેલી બિચારી નંદિતા, પંદર દિવસ સુધી પ્રેકટિસ કરીને એવો સરસ ગ્રેસફૂલ ગરબો કરતી હતી પણ છેલ્લે દિવસે એની મમ્મીએ એના ડ્રેસ માટે કહ્યું ,'બેન ! એવા ચણીયાચોળી તો મળતાં જ નથી' ત્યારે મને એક આઘાત લાગ્યો... પોતાની દિકરી માટે જરૂરી એવા ચણિયા ચોળી નવા સીવડાવી લેવા જેવો ઉત્સાહ એ મામાં ન હોય ! આવી ઉદાસીન માને હું મા કેવી રીતે કહું ? બાળકોના વ્યક્તિત્વનો અમારે, શાળાએ સર્વાંગી વિકાસ કરવો છે પણ એમાં માબાપના સાથ વિના કંઈ ઓછું જ ચાલશે ? એક હાથે તે કંઈ તાળી પડશે !!!!

**ઊર્મિલા શાહ**

## ગરબા મહોત્સવ

તા.૨૬-૧૨-૦૬ને મંગળવારે સાંજે સાત વાગે ગરબા મહોત્સવ યોજાઈ ગયો. કાર્યક્રમનો પ્રારંભ માંગલ્ય નૃત્યથી થયો. કથ્થક અને ભરતનાટયમ્ નૃત્યશૈલીનું સુભગ સંયોજન આ પૂજાનૃત્યમાં અદ્ભૂત રીતે જોવા મળ્યું. સૌના માંગલ્યનો સંદેશ પાઠવતાં આ નૃત્યે વાતાવરણને મંગલમય બનાવી દીધું. ત્યારબાદ શિવસ્તુતિનું નૃત્ય... હે ચંદ્રમૌલિ.. હે ચંદ્રશેખર, હે શંભોત્રિલોચન.. શાસ્ત્રીય શૈલીમાં રજૂ થયેલ આ નૃત્ય પણ પૂજાભાવનાથી ભર્યું ભર્યું બની રહ્યું. આમ પ્રારંભમાં પૂજાઅર્ચન પછી ગરબાનો કાર્યક્રમ શરૂ થયો. સૌ પ્રથમ ગરબો રજૂ થયો મા શક્તિની ભક્તિનો, માથે માંડવી, હાથમાં ગરબા ને પ્રગટેલા કોડિયા લઈને બહેનોએ ગરબો રજૂ કર્યો.ત્યારે જાણે આખોય માહોલ નવરાત્રિનો બની રહ્યો. ગરબામાં વિવિધતા ઘણી હતી. ઘડા હતા, મંજીરા, દાંડિયા, તાલી ચપટી એમાંય સાવ નાનકડી બાળાઓ સુંદર મઝાના રંગબેરંગી ચણિયાચોળી અને ઓઢણી પહેરી જ્યારે રંગમંચ પર પ્રસન્નતાથી ગરબે ઘૂમવા માંડી ત્યારે તો આખું ય વાતાવરણ અદ્ભૂત શોભી ઉઠયું. આટલી નાની ઉંમરે ય આટલી હલકમય રજૂઆત ! 'ગુજરાતણને ગરબો ગળથૂથીમાંથી મળે છે' એની પ્રતીતિ સારાય કાર્યક્રમે કરાવી. એમાં ય કેટલીક કોરીયોગ્રાફી તો ધન્યવાદને પાત્ર હતી. મેળાના ગરબાનું આખું ય આયોજન દાદ માંગી લે તેવું હતું આટલી લગભગ દોઢસો બસો જેટલી છોકરીઓને આ કાર્યક્રમ માટે તૈયાર કરવા માટે શ્રી પ્રિતીબેન મહેતાએ જે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો તે પણ ધન્યવાદને પાત્ર હતો. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતરનું આ પણ એક અગત્યનું પાસું છે. આખોય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની ગયો.

## સંસ્થાનું ગૌરવ

શારદામંદિરનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી ઋષિ ઘડાવાલાએ ૨૦૦૪માં ૧૨મું સાયન્સ ૭૩% સાથે પાસ કરી Aeronautical Engineering માં એડમિશન લીધું. આ સાથે તેમણે Space Shuttle, Aircraft Science, Aerobatics, અને Air-crash Investigation જેવા Projects ઉપર કામ કર્યું. Indian Society of Technical Educational, New Delhi દ્વારા IIT, પવઈ આયોજીત એશિયાનાં સૌથી મોટા ટેકનીકલ ફેસ્ટીવલમાં ગ્લાઈડર બનાવવામાં, ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ટીમના નેતા તરીકે તેઓએ ભાગ લીધો. સંસ્થા તેને માટે ગૌરવ અનુભવે છે. અને તેમને હજી ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવે છે

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૪-૧૨-૦૬ને સોમવારનાં રોજ બાલમંદિર તેમજ તાલીમ વિભાગનાં બાળકોને સાથે રાખી ગાજર, ટામેટા,બીટ,કોથમીર,ચીઝમાંથી સૂપ તૈયાર કરીને આપવામાં આવ્યો. બાળકોને એ સૂપ જાતે કરીને પીધાનો આનંદ માણવા મળ્યો.

એ જ રીતે તા.૧૧-૧૨-૦૬ને સોમવારે એ બાળકોને સાથે રાખીને શાકભાજીનાં સલાડ બનાવ્યા. શિયાળાનાં તાજા શાકભાજીનાં સલાડ બાળકોએ ખૂબ માણ્યાં.

તા.૨૩-૧૨-૦૬ને શનીવારે બાળકોએ નાતાલનો તહેવાર ઉજવ્યો. બાળકોને ભગવાન ઈસુ ખ્રિસ્તના જન્મ વિશે માહિતી આપી. અને નાતાલનાં ગીતો રજૂ કર્યા. બાલવાડીના નાનકડાં બાળકોએ પણ કાર્યક્રમ ખૂબ શાંતિથી નિહાળ્યો. તાલીમનાં પ્રતિકભાઈ અને અંશભાઈએ સાંતાક્લોઝ બનીને બાળકોને ચોકલેટ વહેંચી.

તા.૨૬-૧૨-૦૬ને મંગળવારે બાલમંદિર બ વિભાગ અને તાલીમના બાળકો માટે પ્રવાસ યોજાયો. વહેલી સવારે દેવરાજ ફાર્મમાં બટાટાપૌંઆનો નાસ્તો કરી બાળકો અમરનાથ દાદાના અઘરા ચઢાણ પણ હોંશભેર ચઢી ગયા. બાર જ્યોતિર્લિંગના દર્શન કરી 'ૐ નમો શિવાયની ધૂન કરી. બપોરે પપેટ શો જોયો. નજીકમાં ધોધ જોયો ને તેમાંથી વિજળી કેવી રીતે ઉત્પન્ન થાય તેની સમજ કેળવી. ફાર્મ હાઉસમાં પર્યાવરણની માહિતી અને કપાસના છોડ બતાવી તેમાંથી સુતરાઉ કાપડ કેવી રીતે બને છે તે અંગેની માહિતી આપી.

તા.૧૨-૧-૦૭ને શુક્રવારે બાળકોએ પતંગ મહોત્સવ ઉજવ્યો. સુંદર રંગબેરંગી નાના મોટા સરસ મજાના પતંગોથી શાળાને શણગારી પતંગના ને ઉત્તરાયણના ગીતો ગાઈ, શીંગના લાડુની મઝા માણી.

તા.૨૩-૧-૦૭ને મંગળવારે વસંતપંચમીના તહેવારનું મહાત્મ્ય સમજાવ્યું. ભગવાન સ્વામીનારાયણે એ દિવસે શિક્ષાપત્રી બહાર પાડી હતી. એ દિવસે 'નમોઃ નમોઃ પ્રાર્થના' કરી સરસ્વતી દેવીનું પૂજન કર્યું.

તા.૨૫-૧-૦૭ને શુક્રવારે બાળકોએ જાતે તૈયાર કરેલા રાષ્ટ્રધ્વજ લઈને ગૌરવભેર કૂચ કરી. શૌર્યગીતો ગાયાં. રાષ્ટ્રધ્વજને સલામી આપી ને રાષ્ટ્રગીત ગાયું.

તા.૨૯-૧-૦૭ને સોમવારે બાળકોને મહોરમ નિમિત્તે તાજીયા અંગેની માહિતી આપી અને ૩૦ મી જાન્યુઆરીનાં ગાંધી નિર્વાણદિન વિષે માહિતી આપી.

## શિશુમંદિર

તા.૫-૧૨-૦૬ના રોજ કેન્સર એઈડ સોસાયટીના શ્રી સુવર્ણાબેન જોષીએ 'કેન્સર' વિષય પર પ્રાથમિક માહિતી બાળકોને આપી.

તા.૨૬-૧૨-૦૬ના રોજ સાંજે ૭ વાગે શાળાના પટાંગણમાં ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો.

તા.૧૨-૧-૦૭ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે વિદ્યાર્થીઓએ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ખૂબ સારા વકતવ્યો રજૂ કર્યા.

તા.૨૦-૧-૦૭ના રોજ રમતોત્સવ યોજાયો. વિદ્યાર્થીઓ માટે વ્યક્તિગત અને સાંઘિક રમતોની સ્પર્ધાઓ યોજાઈ. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

**પ્રવાસો :**

| | | | |
|---|---|---|---|
| પ્રવાસો : | તા.૨૭-૧૨-૦૬ | ધો.૧ | ગાંધીનગર ઈન્દ્રોડાપાર્ક |
| | તા.૨૮-૧૨-૦૬ | ધો.૨ | કરમસદ વલ્લભવિદ્યાનગર |
| | તા.૨૯-૧૨-૦૬ | ધો.૩ | કલીકુંડ લોથલ,અરણેજ,ગણેશપુરા |
| | તા.૨-૧-૦૭ | ધો.૪ | શામળાજી બેરણાં |
| | તા.૩-૧-૦૭ | ધો.૫ | શામળાજી બેરણાં |
| | તા.૪-૧-૦૭ | ધો.૬ | શામળાજી બેરણાં |
| | તા.૫-૧-૦૭ | ધો.૭ | તારંગા,મહુડી |

તા.૨૭ ડિસેમ્બરનો પ્રવાસ બાળકોને હંમેશા યાદ રહેશે કારણકે તે પ્રવાસની સાંજ તેઓએ ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટ સાથે ખૂબ આનંદથી માણી. શ્રી અશોકભાઈએ પણ ત્રણેક કલાક બાળકોને ખૂબ આનંદ આવે તે માટે કઠપૂતળીનો શો,ડાઈનોસોર અને મીકી માઉસના વિશાળ કદનાં પપેટનું આયોજન કર્યું હતું. સૌ બાળકોએ સહાધ્યાયી માનવ ભટ્ટનું આતિથ્ય માણતા ઉંધીયું , જલેબી, પૂરી ઈત્યાદિનોઆનંદ લીધો.

**સ્વયંશિક્ષણદિન :** તા.૨૩-૧-૦૭ના રોજ સ્વયંશિક્ષણદિન યોજાઈ ગયો.વિદ્યાર્થીઓએ બહુ ઉત્સાહપૂર્વક અને સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું. ધન્યવાદ.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **ટેબલ ડેકોરેશન** | | તા.૧૨-૧-૦૭ | |
| | પ્રથમ | હેલી સોપારકર | ( મેઘનાદ ) |
| | દ્વિતીય | સલોની શાહ | ( ધવલગિરિ ) |
| | | કવિના શાહ | ( ધવલગિરિ ) |
| | તૃતીય | દ્રષ્ટિ ઠક્કર | ( રત્નદીપ ) |
| **સલાડ ડેકોરેશન** | | તા.૧૨-૧-૦૭ | |
| | પ્રથમ | ખુશ્બુ ઠક્કર | ( ધવલગિરિ ) |
| | દ્વિતીય | માનસી મહેતા | ( ધવલગિરિ ) |
| | તૃતીય | વિધિ શાહ | ( રત્નદીપ ) |

## વિનયમંદિર

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **Quiz** | | તા.૧૧-૧૨-૦૬ | |
| | પ્રથમ | મેઘદૂત | ૯૦ ગુણ |
| | દ્વિતીય | ગીતગોવિંદ | ૭૦ ગુણ |
| | તૃતીય | ચંદ્રમૌલિ | ૬૫ ગુણ |
| **ન્યુઝ રીડીંગ સ્પર્ધા** | | તા.૧૩-૧૨-૦૬ | |
| | પ્રથમ | શૈલ દવે | ( ચંદ્રમૌલિ ) |
| | દ્વિતીય | શૈલજા શાહ | ( મેઘદૂત ) |
| | | ઝીલ શાહ | ( ચંદ્રમૌલિ ) |
| | તૃતીય | અભિષેક ભટ્ટ | ( ગીતગોવિંદ ) |
| | | ધ્વનિત રાવલ | ( પદ્મપુકુર ) |

નિર્ણાયક તરીકે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને હાલમાં રેડિયો મીરચીની બેન દેવકીએ સેવા આપી તે બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું.

તા.૧૫-૧૨-૦૬ના રોજ Ahmedabad Obstretics and Gynec Society ના ઉપક્રમે ડૉ. સોનલબેન દેસાઈએ (સહજ) Adolscent Health Education Programme for Girls ના ઉપક્રમે ધોરણ ૮ અને ૯ ની બહેનોને તારૂણ્યની મૂંઝવણોને અનુલક્ષીને સુંદર માર્ગદર્શન મળે તેવું નિદર્શન સાથે પ્રવચન આપ્યું.

તા.૧૬-૧૨-૦૬ને શનીવારે ડૉ.વિક્રમભાઈ સારાભાઈ સાથે વર્ષો સુધી ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીમાં કોસ્મીક રે ના રીસર્ચ વર્કમાં કામ કરનાર અનેત્યારબાદ અમેરીકામાં વોશિંગ્ટનમાં નાસામાં વર્ષો સુધી સેવા આપનાર વિશ્વગુર્જરીનો એવોર્ડ મેળવનાર વૈજ્ઞાનિકશ્રી ડૉ.ઉપેન્દ્રભાઈ દેસાઈનું ફીઝીક્સ અને કેમેસ્ટ્રી વિષે પાયાનીસમજ અંગેનું પ્રવચન યોજાયું. એમનું પ્રવચન રસપ્રદ અને માહિતસભર હતું.

તા.૧૭-૧-૦૭ના રોજ શિશુમંદિર અને માધ્યમિકનાં વિદ્યાર્થીઓને માર્ગ અકસ્માત નિવારણ અંગે સેન્ટર ફોર હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ તરફથી માહિતીપ્રદ નિદર્શન સાથે વ્યાખ્યાન આપવામાં આવ્યું.

તા.૨૪-૧-૦૭નાં રોજ ધો.૮ તથા ૯ માટે ( પોળો ) ઈડર મુકામે પ્રવાસ યોજાયો.

તા.૨૬-૧-૦૭નાં રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો. નિયામક મુ.શ્રી દિનુભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.

**રમતોત્સવ :** તા.૨ તથા ૩ ફેબ્રુઆરી ૨૦૦૭નાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. વ્યક્તિગત તથા સાંઘિક રમતોની સ્પર્ધાઓ યોજાઈ.

**સ્વયંશિક્ષણદિન :** તા.૭-૨-૦૭ ના રોજ સ્વયંશિક્ષણદિન યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક અને સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.ધન્યવાદ.

## સ્વ.રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

શ્રી રમણભાઈ દવેએ શારદામંદિરમાં ઘણાં લાંબા સમય સુધી જીવનપર્યંત સંગીતક્ષેત્રે ખૂબ કર્તવ્યનિષ્ઠાથી સેવા આપી, શારદામંદિરમાં બાળકોને સંગીત શીખવતાં, તેમને તન્મય થઈ જતાં જોવા એ પણ એક લ્હાવો હતો. એમનાં હાથ નીચે તૈયાર થયેલા કેટકેટલાં વિદ્યાર્થીઓ આજે ભારતમાં અને વિદેશમાં પણ સંગીતક્ષેત્રે નામના મેળવી રહયાં છે. આવા સ્વ.શ્રી રમણભાઈ દવેની સ્મૃતિમાં શારદામંદિર દર વર્ષે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન કરે છે. એ મુજબ આ વર્ષે તા.૨૩-૧-૦૭ને મંગળવારના રોજ વિનયમંદિરનાં પ્રાર્થનામંદિરમાં આ સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધા બે વિભાગમાં યોજાય છે. શ્રેણી ૫ થી ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટેનો એક વિભાગ અને બીજો વિભાગ શ્રેણી ૮ થી ૧૨નાં ભાઈબહેનો માટેનો, આ વર્ષે નાના વિભાગમાં ૯ સ્પર્ધકો અને મોટા વિભાગમાં ૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનો વીજેતા નીવડયાં હતાં.

**નાનો વિભાગ :**

| | | |
|---|---|---|
| પ્રથમ | સુહાની શાહ | સી.એન.કિશોર વિદ્યાલય |
| દ્વિતીય | શિવાની ઉપાધ્યાય | શારદામંદિર મોડર્ન સ્કુલ |
| તૃતીય | લાગણી વ્યાસ | શારદામંદિર શિશુમંદિર |

**મોટો વિભાગ :**

| | | |
|---|---|---|
| પ્રથમ | બલરાજ શાસ્ત્રી | વિદ્યાનગર હાઈસ્કુલ |
| દ્વિતીય | પલક જોષી | શારદામંદિર વિનયમંદિર |
| | યેશા પટેલ | સી.એન.વિદ્યાલય |
| તૃતીય | દેવાંશી ગાંધી | નારાયણગુરુ વિદ્યાલય અંગ્રેજી મીડીયમ |

નિર્ણાયક તરીકે જાણીતા સંગીતજ્ઞ ડૉ.મુદ્રીકાબેન જાની, સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને વાલીશ્રી અમીબેન ફોજદાર અને શ્રી સાધનાબેન દેસાઈએ સેવા આપી તે માટે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે. સ્વ.રમણભાઈ દવે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી શ્રી યશપાલસિંહ ઝાલા રસપૂર્વક આખાય કાર્યક્રમમાં પ્રારંભથી માંડી ઉપસ્થિત રહયાં અને તેમનાં તથા નિર્ણાયકોનાં શુભહસ્તે વિજેતા સ્પર્ધકોને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહયો.

**બોર્ડના-ઈનામ વિતરણ સમારંભ :**

તા.૨૩-૧-૦૭ના રોજ માર્ચ ૨૦૦૬માં ન્યુ એસ.એસ.સી. બોર્ડ અને એચ.એસ.સી. બોર્ડની લેવાયેલી પરીક્ષાઓમાં બોર્ડમાં અને સેન્ટરમાં આવેલ વિદ્યાર્થી ભાઈબહેનોના શાળા તરફથી જાહેર થયેલાં ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિનયમંદિરમાં પ્રાર્થનામંદિરમાં આંતરસ્કુલ સુગમ સંગીત સ્પર્ધા શરૂ થતાં પહેલાં આ ઈનામવિતરણ વિધિ યોજાયો. હાઈસ્કુલનાં આચાર્યશ્રી દિનેશભાઈ ઓઝાના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા.

કેમ્બ્રીજ યુનિવર્સીટી તરફથી લેવાતી બ્રિટિશ કાઉન્સીલ દ્વારા આયોજીત અંગ્રેજીની પરીક્ષા માટે શાળામાંથી વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવે છે. આ વર્ષે Young Learners English ( YLE) test જે ૧૭-૧૨-૦૬ના રોજ લેવાયો હતો તેમાંથી Starters-40, Movers-46, Flyers-22 એમ કરીને કુલ 108 વિદ્યાર્થીઓને Awards મળ્યાં છે.

આ ઉપરાંત ESOL (English For Speakers of Other Languages) માટે લેવાતી Main Suit Examsમાં Ket માં10 અને Pet માં 4 વિદ્યાર્થીઓ કુલ ૧૪ માંથી 10 પાસ થયા છે.

## અભિનંદન

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| ટોયોટા ડ્રીમકાર આર્ટ કોન્ટેસ્ટ | ગરીમા મહેતા | દ્વિતીય ઈનામ |
| અખિલહિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા | ધૈર્યા ઠક્કર | પ્રથમ ઈનામ ધો.૧ |
| | કરીના શાહ | પ્રથમ ઈનામ ધો.૨ |
| | મોનલ શાહ | દ્વિતીય ઈનામ ધો.૨ |
| | દેવાંશી દોશી | તૃતીય ઈનામ ધો.૨ |
| | સમકિત શાહ | તૃતીય ઈનામ ધો.૪ |
| | **નિબંધ સ્પર્ધા** | |
| અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા | વિધિ શાહ | પ્રથમ ઈનામ ધો.૮ |
| | **સંગીત** | |
| પંચમ એકેડમી ઓફ ઈન્ડીયન મ્યુઝીક | હીતાર્થ મહારાજા | ટ્રોફી |

**શ્રદ્ધાંજલિ :**

તા.૨૩-૧-૦૭નાં રોજ શારદામંદિર બાલમંદિરનાં ભૂતપૂર્વ શિક્ષિકાબેન શ્રી વર્ષાબેન મહેતાનાં દુ:ખદ અવસાનની નોંધ લેતાં અત્યંત દુ:ખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદ્‌ગતનાં આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તા.૧૭-૧૨-૦૬નાં રોજ શારદામંદિર વિનયમંદિર ધોરણ ૯માં ભણતા વિદ્યાર્થી ભાઈ શ્રી રાજેન્દ્ર નારણભાઈ સોલંકીના આકસ્મિક અવસાનની નોંધ લેતા દુ:ખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર સદ્‌ગતના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.

EMAIL : sharda1924@rediffmail.com
shardamandir1924@yahoo.com